# ડીસા ખાતે કૃષિ મહોત્સવમાં માનવ મહેરામણ ઉમટયો.

## પ્રેસનોટ

કૃષિ, સહકાર અને ખેડૂત કલ્યાણ વિભાગ અને સ.દાં.કૃષિ યુનિવર્સિટી, સરદારકૃષિનગરના સંયુકત ઉપક્રમે તા.૨૦.૦૫.૨૦૧૭ના રોજ એ.પી.એમ.સી, ડીસા ખાતે એક દિવસીય કૃષિ સેમિનાર અને પ્રદર્શનનું આયોજન કરવામાં આવેલ. સદર કાર્યક્રમનું ઉદ્‌ઘાટન માન. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના વરદહસ્તે કરવામાં આવ્યું. આ પ્રસંગે ભારત સરકારના માન. મંત્રી શ્રીમતિ સ્મૃતિ ઈરાની અને શ્રી હરીભાઈ ચૌધરી તેમજ ગુજરાત રાજયના માન. મંત્રીશ્રી ચીમનભાઈ સાપરીયા, શ્રી દિલિપકુમાર ઠાકોર, માન. રાજયકક્ષાના મંત્રી શ્રી શંકરભાઈ ચૌધરી, શ્રી કેશાજી ચૌહાણ, શ્રી રોહીતભાઈ પટેલ, સ.દાં.કૃષિ યુનિવર્સિટીના માન. કુલપતિશ્રી પ્રો.(ડાં.) અશોક એ. પટેલ, પ્રિન્સીપાલ સેક્રેટરીશ્રી, કૃષિ અને સહકાર અને ખેડૂત કલ્યાણ વિભાગ, શ્રી સંજય પ્રસાદ, માન. પશુપાલન સેક્રેટરી શ્રી મુરલી પ્રસાદ, માન. સંસદ સભ્યશ્રીઓ, માન.ધારાસભ્યશ્રીઓ, માન. જિલ્લા પંચાયતના પ્રમુખશ્રીઓ વગેરે ઉપસ્થિત રહેલ હતાં.








આ કાર્યક્રમમાં કુલ ૨૯૨૧૧ ખેડૂત ભાઈ–બહેનોની નોંધણી થયેલ. આ પ્રસંગે ખેડૂતોને માર્ગદર્શન મળી રહે તે માટે સ.દાં.કૃષિ યુનિવર્સિટીના ૩૦ સ્ટોલ, રાજય સરકારના વિવિધ વિભાગોના ૩૦ સ્ટોલ અને કૃષિ ક્ષેત્રે સંકળાયેલ ખાનગી કંપનીઓના ૪૦ સ્ટોલ ગોઠવવામાં આવેલ. વધુમાં સ.દાં.કૃ.યુ. ધ્વારા ખેડૂતોને સ્થળ પર જ માર્ગદર્શન મળી રહે તે હેતુથી કિસાન ગોષ્ઠીનું આયોજન કરવામાં આવેલ તેમજ ડેરી, પશુપાલન અને સહકાર વિષયને આવરી લેતા સેમીનારનું પણ આયોજન કરવામાં આવેલ.

કાર્યક્રમ અન્વયે સ્વાગત પ્રવચન શ્રી દિલીપકુમાર રાણા, કલેકટરશ્રી, બનાસકાંઠા ધ્વારા કરવામાં આવેલ. અતિથિ વિશેષ પદેથી માન. મંત્રીશ્રી શંકરભાઈ ચૌધરીએ ખેડૂતોને સુક્ષ્મ પિયત પધ્ધતિ અપનાવી પાણીનો કરકસરપૂર્વક ઉપયોગ કરવા જણાવેલ અને આવનારા દિવસોમાં બનાસકાંઠા જિલ્લાને ઈઝરાયેલ જેવી આધુનિક કૃષિ તજજ્ઞતાનો ઉપયોગ કરતો કરવા આહવાન કરેલ.

માન. કૃષિ મંત્રીશ્રી ચીમનભાઈ સાપરિયાએ રાજય સરકારની વિવિધ સહાયકારી યોજનાનો લાભ લઈ ખેતીમાં અમુલ પરિવર્તન લાવવા ખેડૂતોને અનુરોધ કર્યો.

ભારત સરકારના માન. મંત્રીશ્રી સ્મૃતિ ઈરાનીએ જણાવેલ કે આજથી દસ વર્ષ અગાઉ આ રાજયના મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન માન. શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કૃષિ મહોત્સવની શરૂઆત કરેલ. જેના ખૂબ સુંદર પરિણામ મળેલ છે. રાજયનો કૃષિ વિકાસ દર ખૂબ જ ઝડપથી વૃધ્ધિ પામેલ છે. બનાસકાંઠા જિલ્લાની બહેનોએ દૂધ ઉત્પાદનમાં પણ શ્વેત ક્રાંતિ લાવી છે. જે માટે હું તેમને ખૂબ જ અભિનંદન પાઠવું છું.

માન. મુખ્યમંત્રીશ્રીએ તેઓના ઉદ્દબોધનમાં જણાવેલ કે રાજય સરકારે ખેડૂતોના હિતાર્થે અનેક પગલાં જેવાં કે ખેડૂતોને વીજળી દસ કલાક આપવી, તુવરના પાકની ટેકાના ભાવથી ખરીદી, ખેડૂતોને બે વીજ જોડાણ વિભાજન, નીલગાયના ઉપદ્રવ અટકાવવા માટે વાયર ફેન્સીંગ અપનાવવા ૫૦% સબસીડી વગેરે લીધેલ છે, જે થકી રાજયના ખેડૂતો હજુ સુધી પ્રગતિ કરી શકશે.

અંતમાં ડૉ.કે.એ.ઠકકર, વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, સ.દાં.કૃ.યુ., સરદારકૃષિનગર ધ્વારા આભાર વિધિ કરવામાં આવેલ.

*****